સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

પૂજો જન્મભૂમિને ભારતમાતા ના ભાવક બનો!
દેશ સેવાથી રાષ્ટ્રીય નેતૃત્વના નાયક બનો !
લાયક બનો ત્યાગ સમર્પણના દેશપ્રેમથી -
હક સાથે ફરજથી લોકશાહીને લાયક બનો!
(લડાખ-જમ્મુ-કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ)

હાઈકુ

એકતા માટે
સરદારશ્રી આંખે -
આવ્યાં'તાં લોહી...

ભૂંસાઈ જશે
અલગતાવાદીઓ -
લાલ આંખથી...

ચિંતન

શાસ્ત્રસ્ય ગુરુવાક્યસ્ય સત્યબુદ્ધિ અવધારણામ્ ।
સા શ્રદ્ધા કથિયા સદ્દભિઃ યથા વસ્તુ ઉપલભ્યતે ॥

ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

શાસ્ત્ર અને ગુરુવચનને સત્યબુદ્ધિથી સ્વીકારવો એ શ્રદ્ધા કહેવાય છે, જેથી આત્મવસ્તુ મેળવી શકાય છે. સત્યબુદ્ધિથી એટલે સારાસારની વિવેકબુદ્ધિથી. એવી શ્રદ્ધા હોય તો જ્ઞાન મળે.

આત્મતત્વ દેખાય એમ નથી, સંભળાય એમ નથી, સૂંઘાય એમ નથી, સ્પર્શાય એમ નથી! માટે પ્રથમ તો શાસ્ત્ર અને ગુરુ દ્વારા તે વિશે જાણી પછી સ્વયં અનુભૂતિ કરીને શ્રદ્ધા રાખવાની વાત છે. શ્રદ્ધા છે ત્યાં સાક્ષીની કે સાબિતીની જરૂર જ નથી. શ્રદ્ધા છે, ત્યાં જ સંપૂર્ણ સમર્પણ શક્ય છે.

સાક્ષીભાવ હોય તો પરમ સત્ય સહજ છે. ત્યાં શ્રમની નહીં, શ્રદ્ધાની જરૂર છે, ત્યાં તર્કનું કે બુદ્ધિનું કામ નથી.

સુવિચાર

- જેણે પોતાના મનમાં સ્વર્ગીયતા અનુભવી નથી, તે મૃત્યુ પછી પણ સ્વર્ગમાં જઈ શકતો નથી - **સંત ઓગસ્ટિન**
- જયાં સોનું અને રૂપું એ ઝાંખો દેખાય છે, ત્યાં જ માણસની બુદ્ધિને વધારેમાં વધારે ચળકાટ મળે છે - **સ્ટીવનસન ઈલિ**
- સાવધાની પૂર્વક અવલોકન કરનાર અને દૃઢતાપૂર્વક નિશ્ચય કરનાર માણસ અજાણતાં પણ બુદ્ધિમાન બની જાય છે - **જહોન રસ્કિન**
- આશા તો આપણી પાસે ખડે પગે ઊભી જ છે, પણ સફળ થવા ચાલવાની હિંમત તો તમારે જ કેળવવી પડે છે - **ચિત્રલેખા**
- જીવનનનો એક જ રસ્તો જાણનાર સાચો રસ્તો બતાવી શકે નહિ - **જીવન પાથેય**
- મંજુર છે મુર્ખતા, દુષ્ટતા હરગીજ નહિ - **કાંતિલાલ ભૂત**
- આજનું ઔષધ : દસ ગ્રામ ધાણા અને ત્રણ ગ્રામ સૂંઠનો બસો મીલી પાણીમાં ઉકાળી, તેમાં મધ નાખી પીવાથી ફલુનો તાવ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

દૃશ્ય એક : રમેશનું નવમું ધોરણ પૂરું થવામાં હતું અને દસમાં ધોરણની બોર્ડની પરીક્ષાની તૈયારી શરૂ થઈ ગઈ. રમેશ હોંશિયાર હતો. અત્યાર સુધીમાં ૭૦થી ૮૦ ટકા સુધી માર્ક લાવતો. પણ રમેશને બોર્ડમાં ૯૫ ટકા માર્ક લાવવાની ઈચ્છા હતી. શહેરની શ્રેષ્ઠ કોલેજમાં જવું હતું. શહેરમાં મોંઘા કલાસીસમાં એડમિશન લઈ લીધું. દરેક વિષયનાં પુસ્તકો, ગાઈડો અને અન્ય અભ્યાસ પુસ્તિકાઓ ખરીદી લીધી. આપ દસમાં ધોરણમાં ૯૫ ટકા લાવવાની ઈચ્છા અને તૈયારીઓ બરાબર હતી. પણ રમેશ કલાસીસમાં રેગ્યુલર જાય નહિ. હોમવર્ક તો વર્ગમાં કોઈ કરતું નથી એવા બહાના કરે. વાંચવામાં પણ વેઠ મારે. સમય બગાડે. ટીવી જુએ, ઘણી પુસ્તિકાઓ ખોલ્યા વિનાની રહી ગઈ. પરીક્ષા આવી ને ગઈ રિઝલ્ટ આવ્યું. આવ્યા માત્ર ૮૧ ટકા. આટલી બધી તૈયારીઓ અને સામે માર્કમાં ફક્ત એક જ ટકો વધ્યો. આવું શું કામ થયું ?

દૃશ્ય બીજું : સુખ્માનું વજન ખૂબ વધી ગયું. લગ્ન પહેલાની સુખ્મા પંચાવન કિલોમાંથી લગ્ન બાદ ૬૬ કિલો... બાળકના જન્મ બાદ ૮૫ કિલો અને હાલ તે ૯૦ કિલો વજનની થઈ ગઈ. તેને વધતા વજનની ચિંતા હતી. જીમ કરતી. ડાયેટ કંટ્રોલ કરતી. સવારે ચાલવા જવાનું પણ શરું કર્યું. પણ આ બધું એકાદ અઠવાડિયું ચાલ્યું. પછી વહેલા ઉઠાતું નથી એટલે ચાલવા ન જવાયું, આજે કમરમાં દુઃખાવો છે એટલે જીમ કેન્સલ, અઠવાડિયે એકાદ વાર તો સ્વીટ કે આઈસ્ક્રીમ ખવાય... છ મહિનામાં માંડ બે કિલો વજન ઘટ્યું. આટલી બધી તૈયારીઓ છતાં વજન માત્ર બે કિલો ઘટ્યું !! આવું કેમ ??

બંને દૃશ્યમાં આમ કેમ ? નો જવાબ છે કે, માણસ જીતવાની ઈચ્છા રાખે છે પણ જીત સુધી પહોંચવાની તૈયારીઓ કરવી પણ બહુ જરૂરી હોય છે. જીત માટે એકસરખી મહેનત હોય, થાક્યા વિના, હાર્યા વિના બહાના વિના એક સરખી ગતિથી ચલાય તો જીતની મંઝિલ મળે જ.

સમયસરની સક્રિયતા 'મહા'ને મ્હાત કરશે

ન માત્ર ગુજરાત માટે, પરંતુ અરબી સમુદ્ર માટેય ૨૦૧૯નું વર્ષ તોફાનોનું વર્ષ રહ્યું. આ એક જ વર્ષમાં અરબી સમુદ્રમાં ચાર તોફાનો આવ્યાં : વાયુ, હિકા, ક્યાર અને હવે મહા.

મહા વાવાઝોડું અત્યારે ગુજરાતને અને નજીકનાં અન્ય દરિયાકાંઠાનાં રાજ્યોને પણ સતાવી રહ્યું છે. એ પહેલાનું વાવાઝોડું હતું વાયુ, જેણે છેલ્લી ઘડી સુધી લોકોને અને તંત્રને પણ અવઢવમાં રાખ્યું હતું. શરૂઆતમાં એમ લાગ્યું કે એ ઓમાન તરફ જશે, પછી લાગ્યું કે પાકિસ્તાન તરફ જશે અને પછી વળી એમ પણ લાગ્યું કે એ ગુજરાત તરફ આગળ વધશે. એ વાવાઝોડું કઈ દિશામાં આગળ વધશે એ બાબતે છેક સુધી અનિશ્ચિતતા રહી હતી અને આખરે એ ગુજરાત અને પાકિસ્તાનની વચ્ચે શમ્યું હતું.

ક્યાર વાવાઝોડું હજુ અરબી સમુદ્રમાં જ અસ્તિત્વમાં છે, પરંતુ તે છેક સોમાલિયા નજીક પહોંચ્યું છે અને તેનું જોર પણ ઓછું થઈ ગયું છે. બહુ જલ્દી તે પણ શમી જાય તેવા આસાર નજર આવી રહ્યા છે.

પરંતુ, હાલ ચાલી રહેલું વાવાઝોડું 'મહા' પણ અગાઉના 'વાયુ'ની જેમ તંત્રને અને ખાસ કરીને હવામાન વિભાગને, તંત્રને મૂંઝવણમાં મુકી રહ્યું છે.

અલબત્ત, 'સ્કાયમેટ'ના નિષ્ણાતોની આગાહી પ્રમાણે આ વાવાઝોડું ફંટાઈને ભારતના દરિયાઈ વિસ્તાર એટલે કે ગુજરાત અને મહારાષ્ટ્ર તરફ આગળ વધશે. સોમવાર, તા. ૪ નવેમ્બરના રોજ સવારે ૫.૩૦ કલાકે આ વાવાઝોડું ફંટાશે અને ભારત તરફ આગળ વધશે. એ ફંટાશે ત્યારે તેનું સ્વરૂપ અતિ ભયાનક સ્તર પર પહોંચી જવાની પણ સંભાવના હવામાન નિષ્ણાતોએ વ્યક્ત કરી છે. પરંતુ જેમ જેમ આ વાવાઝોડું ભારતની નજીક આવતું જશે તેમ તેમ તેનું જોર ઓછું થતું જશે એવી આગાહી પણ નિષ્ણાતો દ્વારા કરવામાં આવી છે.

તંત્રીસ્થાનેથી...

તેમ છતાં ચિંતાની સ્થિતિ એ છે કે વાવાઝોડું ૪૮ કલાક સુધી એટલે કે ૬ નવેમ્બરની વહેલી સવાર સુધી પોતાનું રૌદ્ર સ્વરૂપ જાળવી રાખશે.

૭મી નવેમ્બરે સવારે ૫.૩૦ કલાકે ગુજરાતના દક્ષિણ વિસ્તારમાં વાવાઝોડું સ્પર્શે તેવી આગાહી કરવામાં આવી છે. અલબત્ત, આ સમયે વાવાઝોડાનું જોર ઓછું થઈ જશે અને તે માત્ર ડિપ્રેશનની સ્થિતિમાં જ અસ્તિત્વમાં હશે, પરંતુ તેમ છતાં તે સંપૂર્ણપણે નાશ પણ નહીં પામે. દક્ષિણ ગુજરાતથી આગળ વધીને મધ્યપ્રદેશ સુધી આ વાવાઝોડું પહોંચશે એવી આગાહી કરવામાં આવી છે.

વાવાઝોડું ગુજરાતને સ્પર્શે ત્યારે મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ તથા ૧૦૦ કિમીની હદે પવન ફૂંકાશે એવી પણ આગાહી છે.

આ માત્ર આગાહી છે, અંદાજ છે. હકીકતે વાવાઝોડું ગુજરાતને સ્પર્શે ત્યારે જ ખબર પડશે કે તેનું જોર કેટલું છે, કેટલી ઝડપે પવન ફૂંકાશે અને કેટલો વરસાદ પડશે. તેમ છતાં સ્થિતિ ચિંતાની તો છે જ. તંત્રએ, નાગરિકોએ અને સેવા-રાહત સંસ્થાઓએ પણ સતર્ક-સજ્જ થઈ જવાની જરૂર છે. અગાઉનાં વાવાઝોડાં ગુજરાતને સ્પર્શ્યાં નથી એટલે આ પણ નહીં સ્પર્શે એવું માનીને બેદરકાર રહ્યા તો મોટું નુકસાન સહન કરવાનો વારો આવી શકે છે.

ગુજરાત માટે ચાર દિવસ સતર્કતાના દિવસ બની રહેવાના છે ત્યારે બાકી બધી અગ્રીમતાઓને નેવે મુકીને તંત્ર અને નાગરિકોએ 'મહા' બાબતે સક્રિય થવું એ જ સમયની માગ છે.

આઈ. ટી. પ્રોસીઝર રૂલ્સ ૨૦૦૯ના કાયદામાં સુધારો થશે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

લોકશાહી રાજય વ્યવસ્થામાં ઈન્ટરનેટ અકલ્પનીય વિકાસ માટેનું એક શક્તિશાળી હથીયાર બની ગયું છે. એવા સમયે નેટની સવલત આપતી કંપનીઓના અસરકારક અંકુશ માટે નિયમોમાં ફેરફારની જરૂરીયાત જ નહિ અનિવાર્ય તથા આવશ્યકતા લાગતા સરકારે લોકોના અધિકાર અને રાષ્ટ્રની અંખડિતા અને સલામતીના વધતા ખતરાને ધ્યાનમાં લઈ સોશ્યલ મીડીયાના વધતા દુરઉપયોગને ધ્યાનમાં લઈ અંકુશમાં લાવવા આઈ.ટી. પ્રોસીઝર રૂલ્સ ૨૦૦૯ ના કાયદામાં ૨૦૨૦ સુધી સુધારો કરવા અને નવા નિયમો અમલમાં મુકવા સુત્રો ગતિમાન કરેલ છે.

કેન્દ્ર સરકારની વિનંતીને ધ્યાનમાં લઈ નવા નિયમો ઘડવા માટે સુપ્રિમ કોર્ટે ત્રણ માસનો સમય આપ્યો છે. નવી વચગાળાની માર્ગદર્શીકા ઘડવામાં આવશે જેમાં ઓનલાઈન પ્લેટ ફોર્મસ, ઈન્ટરનેટ પ્રોવાઈડર્સ વિગેરેના નિયમન અને જવાબદારીઓ સાથે કામ પાર પાડતા નિયમોનો સમાવેશ કરવામાં આવશે.

સુપ્રિમ કોર્ટે સોશ્યલ મીડીયાના નિયમન અંગેની દેશભરની પીટીશનોને તેની પાસે ટ્રાન્સફર કરી એક સાથે નિર્ણય જાન્યુઆરીના અંત સુધી લાવવા તથા તે અંગે યોગ્ય નિયમો અને રૂલ્સ ઘડવા માટે સરકારને આદેશ કર્યો છે.

ઈલ્કટ્રોનિકસ અને ઈન્ફમેશન ટેકનોલોજી મંત્રાલય ભારત સરકારે ફાઈલ કરેલ સોગંદનામામાં જણાવ્યું છે કે ટેકનોલોજીના કારણે આર્થીક વૃધ્ધી હાંસલ થયેલ છે અને સામાજીક વિકાસ થયો છે પરંતુ તેની સાથે હેડસ્પીચ, બનાવટી સમાચાર અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિમાં પણ વધારો થયો છે. સોશ્યલ મીડીયા ઉપરના નિયમન અને સંદેશાઓના એન્ફાઈપ્શન અને ટ્રેસીબીલીટી જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તારીખ ૧૫/૧/૨૦૨૦ સુધીમાં ઈન્ટરમીડીયરી ગાઈડ લાઈન્સ (એનેડમેન્ટ) રૂલ્સ ૨૦૧૮ માં સુધારા કરેલા છે તે જાહેર કરી અમલમાં મુકાશે. કેન્દ્ર સરકાર સોશ્યલ મીડીયાને મેસેજીગ્સ પ્લેટફોર્મને ઈન્ટરમીડીયાઝ તરીકે ગણીને તેના ઉપર નિયમન લાવવા માટે નવા ઈન્ટરમીડીયરી ગાઈડ લાઈન્સનો ઉપયોગ કરવાનું જણાવ્યું છે.

મેસેજોની ટ્રેસીબીલીટી માટે વોટસઅપ જેવા માધ્યમને ફરજ પાડવાનો સમય આવી ગયો છે. વોટસઅપ એ એક મહત્વનું ફિચર્સ છે. ઈન્ફોમેશન એટની કલમ ૬૯ જેવી કાયદેસરની જોગવાઈઓમાં સરકારને ડિસ્કાઈપ્ટ છુટ આપવામાં આવી છે. નામદાર કોર્ટે કેન્દ્ર સરકારને જણાવ્યું કે સરકાર કાયદાના માધ્યમથી ઈન્ટરમીડીયરીઝને ડિસ્કાઈપ્ટ કરવાની ફરજ પાડવાની મંજુરી આપતી નથી.

આઈ.ટી. રૂલ્સ ૨૦૦૯ હેઠળ તેઓ તેમના અંકુશના પ્રમાણમાં જ સરકારને મદદ કરી શકે છે. હાલમાં ચૂંટણીમાં પણ ફેક ન્યુઝ જનતાને ભ્રમીત કરતા સમાચારો, હેડસ્પીચ અને સર્જીકલ સ્ટ્રાઈક સમયે રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં ઉછાળો આવ્યો છે. વોટસઅપ અને ફેસબુકના માધ્યમથી જનતાને ભ્રમીત કરવામાં આવી રહ્યા છે. દિવસભર આવા ફેક ન્યુઝનો રીતસર મારો ચલાવવામાં આવ્યો છે આવા યુઝર્સ ટ્રેક ના થતા હોય ફેક આઈડીથી એકાઉન્ટ ઓપરેટ કરતા હોય તેમની ઉપર નિયંત્રણ વોડસઅપ કે ફેસબુક ઓપરેટર રાખી શકતા નથી કે પકડી શકતા નથી વધુમાં વધુ આવા એકાઉન્ટ જાહેર થતા તેને બંધ કે હેક કરવામાં આવે છે પરંતુ યુઝર્સ કે ઓપરેટરને પકડી તેની સામે કાયદાકિય પગલા ફેસબુક કે વોડસઅપના સંચાલકો કરી શકતા ન હતા. નવા કાયદામાં આવા યુઝર્સ કે ઓપરેટર સામે કાયદાકિય પગલા સરકાર દ્વારા ભરવામાં આવશે અને આઈ.ટી. એકટ મુજબ કડક સજા કરવામાં આવશે.

ખોટી માહિતીને અટકાવવા અને અફવાઓ ફેલાવવાથી થનારી સંભવિત હિંસા પર અંકુશ મુકવા માટે ડિસ્કાઈપ્ટની જવાબદારી સહિતની માર્ગદર્શીકાઓ ઘડવામાં આવશે.

કોઈપણ ઈન્ટરમીડીયરી એવો દાવો ના કરી શકે કે તેનો દુરઉપયોગ થઈ રહ્યો છે કે આંતકીઓ દ્વારા ઉપયોગ ના થઈ શકે તે જોવું રહ્યું. ટેકનોલોજીના યુઝર્સ ના વ્યક્તિગત અધિકારોની તુલા, વ્યક્તિગત અધિકારો જાળવી રાખવા આવશ્યક બને છે.

લોકશાહી રાજય વ્યવસ્થામાં ઈન્ટરનેટ અકલ્પની વિકાસ સાથે સાથે વિનાશ માટેનું એક શક્તિશાળી માધ્યમ, હથીયાર બનીને ઉભરી રહ્યું છે. જેમાં અંકુશ મુકવો એ વ્યક્તિગત સ્વતંત્રતા ઉપર તરાપ મારવા જેવી વાત છે. કંપનીના અસરકારક અંકુશ માટે નિયમોમાં ફેરફારની જરૂર છે. જેમાં લોકોના અધિકાર અને રાષ્ટ્રની સલામતીના વધતા ખતરાને પણ ધ્યાનમાં રાખી તારીખ ૧૫/૧/૨૦૨૦ સુધીમાં નવા નિયમો તથા રૂલ્સ ઘડવામાં આવશે જેને બંધારણીય રીતે કાયદાનું સ્વરૂપ પણ આપવામાં આવશે અને સોશ્યલ મીડીયા ઉપર કન્ટ્રોલ કરતો નવો કાયદો અમલમાં આવશે.

સફળતા કરતા સંતોષ ઉત્તમ છે...

આયુષ્યની તિજોરી
ઈચ્છાઓ ખાલી કરી ગઈ...
પણ અફસોસ આપણે
સંતોષનું તાળું લગાવી ન શક્યા.

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

થોડા દિવસ પર એક શ્રીમંત ગૃહસ્થને મળવા જવાનું થયું. ચિઠ્ઠી મોકલાવી અમે ઓટલે રાહ જોતા ખુરશીમાં બેઠા. દરમિયાન અંદરના દીવાનખાનામાં નવી મોટર વિશે ચર્ચા ચાલતી હતી. એક જણ કહે : હવે નોંધાવી તો લઈ લઈએ; કારણ કે સરકારની નવી નીતિ પ્રમાણે ક્ષણમાંથી એક જૂની પણ ટકે તો ભગવાનની મહેરબાની !' બીજા સભ્ય કહે : 'હવે દર વર્ષે નવી મોટરો લેવામાં કશો લાભ રહેતો નથી. જૂનીના પાંચે નહીં ઊપડે અને નકામાં પંદર હજાર ફેંકી દેવા !'

થોડી વારમાં તે શ્રીમંત બહાર આવ્યા અને બોલ્યા : 'હવે તો દુઃખના દહાડા આવ્યા છે. આ વર્ષે મોટર પણ માંડ બદલાશે.' એમાં સંમતિ દર્શાવતાં મેં કહ્યું : 'હા, શેઠ સાહેબ ! આપની વાત સાચી છે. આપના જેવો મોભો ધરાવનાર દર વર્ષે ગાડી બદલી ના શકે તો એ ભારે દુઃખની વાત કહેવાય. હશે, જેવી સરકારની - અરે ઈશ્વરની મરજી.'

સ્વભાવે અમે ચર્ચામાં ઊતર્યા વગર સૌના મતને ટેકો આપવાવાળા જ છીએ. પરંતુ અમને અંતરથી લાગતું હતું કે, અમે પોતે એ શ્રીમંત ગૃહસ્થ કરતાં વધુ સુધી છીએ. કારણ કે અમારી આકાંક્ષાને અમે પહોંચી વળીએ છીએ.

પરંતુ જયારે અમે રસ્તામાં દાતણ લેવ રોકાયા ત્યારે સમજાયું કે કોઈ અમારા કરતાં પણ વિશેષ સુખી છે ! ધક્કો બચાવવા અમે ત્રણ દિવસનાં દાતણ ઉઠાવ્યા, તો દાતણવાળીએ નમ્રતાથી કહ્યું : 'શેઠ ! આજે ઓછા પાડ્યા છે અને બીજા રોજના ગ્રાહકો બાકી છે, એટલે એમને માટે રાખવાં પડશે. આપ પાંચ લઈ જાઓ.' અમે પૂછ્યું : 'એ તો ઠીક છે, પણ તું વધારે જ શા માટે નથી લાવતી ?' તો કહે : 'મારે રોજનો રૂપિયો જોઈએ. વધુ લોભ શા માટે કરું ? એટલો માલ વહેલા વેચાય તો વહેલી છોકરાં બેગી થઈ જાઉં ને !'

એ જ રીતે અમારું કંપાઉન્ડ વાળનારી ઝાડુવાળી પણ ભારે સંતોષી લાગે છે. નિયમિત રોજનો આનો આપવાનું કહ્યું તો મંજૂર રાખ્યું, અને આવે ત્યારે આનો લઈ જાય છે. પછી એક વાર અમે સમજાવ્યું કે 'મહિનાનો પગાર બાંધ. રોજનો આનો ગણતાંયે એકત્રીસ દિવસના એક રૂપિયો અને પંદર આના થાય. હું બે રૂપિયા આપીશ.' પણ એણે માન્યું નહીં અને દલીલ કરી કે, પગારથી તો બંધાવાનું ને ? એટલે કે પગાર લે તો રોજ આવવું જ જોઈએ ને! અને રોજના આનામાં તો ન આવવું હોય તો આનો જાય. પણ ના આવવાની છૂટ તો કરી ને?

અમેરિકાની પોલીસ થોડાં વર્ષ પર એકેક ડૉલરની ખોટી નોટના બનાવનારની શોધ કરવા માંડેલી. પરંતુ ત્રણ વર્ષ લગી એ બનાવટી નોટના કીમિયાગરને શોધી શકી ન હતી. આખરે તે માણસ નીકળ્યો એક પંચોત્તેર વર્ષનો બુઝુર્ગ. અને તે નહોતો પકડાયો તેનું કારણ એ હતું કે તે માત્ર પોતાની જરૂરિયાત પૂરતી જ એકેક ડૉલરની નોટ બનાવી વાપરતો હતો. પોતે ઘસાઈ ગયેલો ગરીબ હતો અને કમાણીનું કાંઈ સાધન રહ્યું ન હતું. પણ એટલો સંતોષી હતો કે અઠવાડિયે જો એક જ ડોલરની જરૂર પડે તો બીજો ડૉલર બનાવતો નહીં. આમ નવી નોટોની સંખ્યા અલ્પ હતી કે તેના બનાવનારને શોધવાં પોલીસને આટલાં વર્ષો લાગેલા.

પેલા શિવરામ દિલરૂપા રિપેર કરનારને ઓળખવા જેવો છે. એના જેવું સુખી જગતમાં નહિ તો આપણા શહેરમાં તો ભાગ્યે જ કોઈ હશે. એક શેઠ એમની મોટરમાંથી દિલરૂબા સાથે ઊતર્યા. શેઠ કહે :

'શિવરામ, દિલરૂપા કયારે મળશે?'

'એ તો સાહેબ, કેવી રીતે કહેવાય ?'

'કેમ, કામ ઘણું છે ?'

'ના, પણ સાંજના છ સુધીમાં કદાચ મળી જાય.'

'સારું, તો છ વાગે અહીં થઈને લેતો જઈશ.'

'પણ શેઠ, એની ખાતરી નહીં. પેલા નારણભાઈ તેમનું દિલરૂબા લઈ જાય તો પછી તમને કાલે મળે. નહિં તો કદાચ આજે પાંચ વાગ્યે પણ તમારું થઈ જાય.'

'મને કંઈ સમજાતું નથી.'

'શેઠ, વાત એમ છે કે જો નારણભી તેમનું દિલરૂબા લઈ જાય અને મને ચાર રૂપિયા આપતા જાય તો પછી આજે કામ કરવાની રજા. મને તો રોજના ચાર રૂપિયા મળે એટલે સંતોષ. હાલ તમારું કામ શરું કરું છું, કારણ કે તમે રોકડાં નાણાં આપો છો. હવે જો નારણભાઈના આવે તો રૂપિયા ચાર લેવા તમારું કામ પાંચ વાગે પણ પતી જાય. પણ જો પોણા પાંચે પણ નારણદાસના ચાર રૂપિયા મળે તો ત્યાંથી તુરત તમારું કામ અટકે.'

'પણ કંઈ રસ્તો નહિ ?'

'હા, નારણદાસને રોકો. એ મને પૈસા ના આપે તો તમારું કામ થઈ જાય.'

આટલો વાર્તાલાપ સાંભળી અમે વિદાય થયેલા. પછી સાંજે પાછા ફરતાં કુતૂહલથી અમે તેને પૂછ્યું : 'કેમ, નારણદાસે આજની રોજી આપી હતી કે નહીં !'

'ના, જી કેમ ?'

'તો તો પેલા શેઠ દિલરૂબા વખતસર લઈ ગયા. નસીબદાર.'

'ના રે - આ રહ્યું તેમનું દિલરૂબા પેલી લાલ કોથળીમાં વીંટેલું.'

'કેમ એમ, અલ્યા ?'

'એમાં નારણદાસનો કે શેઠનો વાંક નથી. પણ વડોદરાથી એક ભાઈ પેલું નવું દિલરૂબા ખરીદી ગયા. એટલે મારા હાથમાં સિત્તેર રૂપિયા આવ્યા. હવે હું અમદાવાદમાં શું કામ રહું ? કુટુંબને લઈને આજે અંબાજી જાઉં છું!'

- ચિનુભાઈ પટવા

Last Seen :

સફળતા કરતા સંતોષ ઉત્તમ છે, કારણ સફળતા એ બીજા નક્કી કરે છે જ્યારે સંતોષ એ આપણો આત્મા નક્કી કરે છે.

- nehalgadhavi101@gmail.com

ભારતીય બંધારણના રાષ્ટ્રપુરુષો અને ઈતિહાસ બદલવાની કવાયત

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

ભારતીય બંધારણના નિર્માતાઓ અને આઝાદીની ચળવળના મહારથીઓના આત્માને દુઃખ પહોંચે એ રીતે ભારતના ઈતિહાસને બદલવાની ઝુંબેશો ચોકેરથી ચલાવાઈ રહી છે: અંગ્રેજો સામે લડતાં લડતાં ચોથા યુદ્ધમાં ઈ.સ. ૧૭૯૯માં દગાથી મોતને હવાલે કરાયેલા મહિસૂરના વાઘ તરીકે મશહૂર મહિસૂરના રાજવી ટીપુ સુલતાનને કર્ણાટકમાં ફરી ફરીને ખલનાયક સાબિત કરવા ઉપરાંત પાઠ્યપુસ્તકોમાંથી દૂર કરાવીને નવો ઈતિહાસ લખવાની કોશિશો થઈ રહી છે. આવું જ કંઈક રાજસ્થાનમાંથી મેવાડના મહારાણા પ્રતાપને મહાન ગણાવવાની સાથે જ ''મુઘલ બાદશાહ અકબર મહાન નહોતો'' એવાં ઢોલ પીટીને પાઠ્યપુસ્તકોમાં પ્રતાપ હલદીઘાટીના યુદ્ધમાં વિજયી થયાના ડંકા વગાડવામાં આવી રહ્યા છે. ડૉ.રાજેન્દ્ર પ્રસાદ, પંડિત નેહરુ, સરદાર પટેલ, ડૉ.ભીમરાવ આંબેડકર, ડૉ.શ્યામાપ્રસાદ મુકરજી, મૌલાના આઝાદ સહિતના બંધારણના ઘડવૈયાઓએ ભારતને ધર્મનિરપેક્ષ (સેક્યુલર) પ્રજાસત્તાક રાષ્ટ્ર બનાવવાના કરેલા સંકલ્પનો વીંટો વાળી દેવાના પ્રયત્નો ચાલે છે. ભારતને હવે હિંદુરાષ્ટ્ર બનાવવા માટે સત્તાધીશો જ જયારે કામે વળ્યા હોય ત્યારે નવા ગૃહયુદ્ધનાં એંધાણ મળ્યા વિના રહેતાં નથી. જે દેશમાં અનેકતામાં એકતાના ન્યાયે ૯૦ કરોડ હિંદુઓ અને ૨૦ કરોડ મુસ્લિમો સહિતના લોકો સર્વસમાવેશક શાસન પ્રણાલીમાં સુખે જીવતા હોય એ રાષ્ટ્રમાં ધાર્મિક ઉંબાડિયાં કરવા જેવાં રાજકીય કમઠાણ શાને? એવો પ્રશ્ન સાહજિક જ ઊઠે છે. ભારતીય બંધારણમાં જે રાષ્ટ્રપુરુષોનાં ચિત્રો સામેલ છે એમાંથી મુસ્લિમ શાસકો રહેલા બાદશાહ અકબર અને ટીપુ સુલતાનની સામે છાસવારે ઝુંબેશો ચલાવીને પ્રજાના માનસને ડહોળવાનો યોજનાબદ્ધ રીતે પ્રયાસ થઈ રહેલો અનુભવાય છે. વર્તમાન સત્તાધીશોના આસ્થાપુરુષ માધવ સદાશિવ ગોળવળકર (ગુરુજી) તો ભારત, પાકિસ્તાન અને બાંગલાદેશના એકીકરણના આદર્શને અમલમાં લાવીને અખંડ ભારતને સાકાર કરવાનો સંકલ્પ મૂકીને ગયા છે ત્યારે રાજ્યોના એમના શ્રદ્ધાળુ સત્તાધીશોએ તેમનાથી એકદમ અવળી દિશા પકડી હોય એવું લાગ્યા વિના રહેતું નથી.

સત્તાપલટા સાથે ઉજવણી બંધ

કર્ણાટક સરકાર બદલાવાની સાથે જ અહીં મહિસૂરના રાજવી રહેલા ટીપુ સુલતાનની ૨૦ નવેમ્બરે આવતી જન્મજયંતી મનાવવા કે નહીં મનાવવાના મુદ્દે રાજકારણ શરૂ થઈ જાય છે. કૉંગ્રેસ અને જનતા દળ (સેક્યુલર)ની સરકારો ટીપુની જયંતી મનાવતી રહી છે પણ ભાજપની સરકાર આવતાંની સાથે જ આવી ઉજવણી બંધ કરી દેવાય છે. ''સબ કા સાથ, સબ કા વિકાસ''ના નારા સાથે સર્વધર્મસમભાવની ભોમકા ભારતમાં કેન્દ્રથી લઈને રાજ્યો સુધી રાજ કરતા ભાજપ અને એની માતૃસંસ્થા આરએસએસને મતે ટીપુ સુલતાન અત્યાચારી, શેતાન અને હિંદુઓ તેમ જ ખ્રિસ્તીઓ પર દબાણ લાવીને તેમને વટલાવી ઈસ્લામ કબૂલ કરાવતો શાસક હતો. વર્તમાન શાસન અને શાસકોની વાત કરવાને બદલે ટીપુની વાત કરવાથી સંકેત બહુ સ્પષ્ટ જાય છે કે હિંદુ મતબેંક મજબૂત કરી શકાય. ઉપરાંત, માની લઈએ કે ટીપુ અત્યાચારી હતો તો આજના મુસ્લિમો એના માટે જવાબદાર કે દોષિત નહીં હોવા છતાં એમને દંડિત કરવાનો અર્થ શો? મુખ્ય મુદ્દાઓ ભણીથી પ્રજાનું ધ્યાન અન્યત્ર ખેંચવા માટે આવાં ગતકડાં કરાય છે. કમનસીબે એ લાંબા સમય સુધી પ્રજાને પલાળે છે. વર્તમાન શાસકો એકમેકના શાસનનો તુલનાત્મક અભ્યાસ કરીને વધુ સારા શાસનનું વચન આપે અને એ અમલમાં લાવવાનો પ્રયાસ કરે તો ગનીમત. એના બદલે પ્રજા ઈતિહાસના સારા-નરસા રાજવીઓની વાતોમાં જ રમમાણ રહે એ ઉચિત તો નથી, પણ રાજનેતાઓના હેતુ જરૂર બર આવે છે. વચ્ચે આરએસએસના સદગત સરસંઘચાલક સુદર્શનજીએ વર્ષ ૨૦૬૦ સુધીમાં ભારતમાં હિંદુઓની વસ્તી કરતાં મુસ્લિમોની વસ્તી વધી જશે એવું ગતકડું ચલાવ્યું ત્યારે દુનિયાભરના વસ્તી નિષ્ણાતોમાંથી ઝાઝા એમની વાત સાથે સંમત થાય એવું નહોતું. જોકે એમનો હેતુ ભારતના હિંદુઓમાં મુસ્લિમોની વસ્તી ઝપાટાભેર વધી રહ્યાનો સંદેશ આપવાનો હતો. એ સંદેશ આપવામાં તેઓ સફળ રહ્યા હતા. દુનિયાભરના મુસ્લિમોની જેમ જ ભારતમાં પણ મુસ્લિમો પરિવાર નિયોજન અમલમાં લાવી રહ્યા છે. આમ છતાં, ''હમ પાંચ, હમારે પચીસ''ની ઘોષણાઓ બંધારણીય હોદ્દે બેઠેલાઓ કરે ત્યારે કશું કહેવાનું રહેતું નથી. આગામી ૨૦૫૦માં ભારત દુનિયામાં સૌથી વધુ મુસ્લિમ વસ્તી ધરાવતો દેશ હશે એવો અંદાજ નિષ્ણાતો મૂકે છે. એ વેળાની ભારતની મુસ્લિમ વસ્તી ૩૧ કરોડ થાય ત્યારે પણ ૧.૩ અબજ જેટલી વસ્તી હિંદુ અને ૪.૬ કરોડ વસ્તી ખ્રિસ્તી હશે. વર્ષ ૨૦૧૧ની સત્તાવાર વસ્તી ગણતરીના આંકડા મુજબ, ભારતમાં ૯૬.૬૨ કરોડ હિંદુ, ૧૭.૨૨ કરોડ મુસ્લિમ અને ૨.૦૮ કરોડ ખ્રિસ્તી વસે છે.

- આસ્થાપુરુષ ડો.શ્યામાપ્રસાદ સહિતનાએ જેમને નાયક લેખાવ્યા એમને ખલનાયક ગણાવવાની હોડ
- મરાઠાઓ અને નિઝામે અંગ્રેજોને પડખે રહી ભારતમાં ઇસ્ટ ઇન્ડિયા કંપની માટે લાલ જાજમ પાથરી
- આજની સમસ્યાઓને ઉકેલવામાં નિષ્ફળ શાસકો સદીઓ પૂર્વેના ઈતિહાસને નામે પ્રજાને લડાવે છે
- "ભારત મેં અંગરેજી રાજ"